GUSAI1

# માપન

## પ્રકરણ 9

## 9.1 પ્રાસ્તાવિક

બંધ સમતલ આકૃતિ માટે આપણે શીખી ગયા, કે તેની ચારે બાજુની હદ કે સીમાનું કુલ અંતર એટલે પરિમિતિ અને તે આકૃતિ દ્વારા ઘેરાયેલા કુલ પ્રદેશને તેનું ક્ષેત્રફળ કહેવામાં આવે છે. આપણે ત્રિકોણ, લંબચોરસ, વર્તુળ વગેરે જેવી વિભિન્ન સમતલ આકૃતિઓની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધવાનું શીખી ચૂક્યા છીએ. ઉપરાંત લંબચોરસ આકાર ફરતે આવેલા રસ્તા કે પગદંડીનું ક્ષેત્રફળ શોધતા પણ શીખી ગયા છીએ.


આ પ્રકરણમાં આપણે ચતુષ્કોણ જેવી બંધ સમતલ આકૃતિઓની પરિમિતિ તથા ક્ષેત્રફળ સાથે સંબંધિત સમસ્યા કે પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરીશું.

આપણે સમઘન, લંબઘન અને નળાકાર જેવા ઘન આકારોના પૃષ્ઠફળ અને કદ અંગે પણ અધ્યયન કરીશું.

## 9.2 બહુકોણનું ક્ષેત્રફળ (Area of Polygon)


9M673R

આપણે, જેમ ચતુષ્કોણને ત્રિકોણોમાં વહેંચીને તેનું ક્ષેત્રફળ શોધી શકીએ છીએ, તે જ પદ્ધતિનો ઉપયોગ કરીને બહુકોણ (Polygon)નું ક્ષેત્રફળ મેળવી શકાય છે. નીચે આપેલ આકૃતિ 9.1 અને 9.2 માં દર્શાવેલા પંચકોણનાં ક્ષેત્રફળ મેળવવા માટે પ્રયત્ન કરો.




આકૃતિ 9.1

વિકર્ણ AC અને ADની રચના કરીને પંચકોણ ABCDEને ત્રણ ત્રિકોણોમાં વહેંચી શકાય છે. તેથી પંચકોણ ABCDEનું ક્ષેત્રફળ = $\Delta$ABCનું ક્ષેત્રફળ + $\Delta$ACDનું ક્ષેત્રફળ + $\Delta$AEDનું ક્ષેત્રફળ થશે.




આકૃતિ 9.2


એક વિકર્ણ AD અને તેના પર બે લંબ BF અને CGની રચના કરવાથી પંચકોણ ABCDEને ચાર ભાગોમાં વહેંચી શકાય છે. તેથી, પંચકોણ ABCDEનું ક્ષેત્રફળ = કાટકોણ ત્રિકોણ AFBનું ક્ષેત્રફળ + સમલંબ BFGCનું ક્ષેત્રફળ + કાટકોણ ત્રિકોણ CGDનું ક્ષેત્રફળ + $\Delta$AEDનું ક્ષેત્રફળ (અહીં સમલંબ ચતુષ્કોણ BFGCની સમાંતર બાજુઓને ઓળખો.)

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## પ્રયત્ન કરો

(i) નીચેની આકૃતિ 9.3 માં દર્શાવેલા બહુકોણના ક્ષેત્રફળ મેળવવા માટે તેને ત્રિકોણ અને સમલંબ ચતુષ્કોણમાં વિભાજિત કરો.




આકૃતિ 9.3

બહુકોણ EFGHIનો એક વિકર્ણ FI છે. બહુકોણ MNOPQRનો એક વિકર્ણ NQ છે.


(ii) બહુકોણ ABCDEને આકૃતિ 9.4 માં દર્શાવ્યા મુજબ જુદા-જુદા ભાગોમાં વિભાજિત કરવામાં આવેલ છે. અહીં AD = 8 સેમી, AH = 6 સેમી, AG = 4 સેમી, AF = 3 સેમી અને લંબ BF = 2 સેમી, CH = 3 સેમી, EG = 2.5 સેમી આપવામાં આવેલ છે તો બહુકોણનું ક્ષેત્રફળ શોધો.

બહુકોણ ABCDEનું ક્ષેત્રફળ =

$\Delta$AFBનું ક્ષેત્રફળ + .............................

$\Delta$AFBનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times AF \times BF =$

$\frac{1}{2} \times 3 \times 2 =$ .............................




આકૃતિ 9.4


સમલંબ ચતુષ્કોણ FBCHનું ક્ષેત્રફળ $= FH \times \frac{(BF+CH)}{2}$

$= 3 \times \frac{(2+3)}{2}$ (FH = AH – AF)

$\Delta$CHDનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times HD \times CH =$ ...................

$\Delta$ADEનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times AD \times GE =$ ......................

તેથી, બહુકોણ ABCDEનું ક્ષેત્રફળ = ......................




આકૃતિ 9.5

(iii) આકૃતિ 9.5 માં દર્શાવેલ બહુકોણ MNOPQRમાં જો MP = 9 સેમી, MD = 7 સેમી, MC = 6 સેમી, MB = 4 સેમી અને MA = 2 સેમી હોય, તો બહુકોણનું ક્ષેત્રફળ શોધો. NA, OC, QD અને RB એ વિકર્ણ MPને દોરેલા લંબ છે.

**ઉદાહરણ 1 :** એક સમલંબ આકારના ખેતરનું ક્ષેત્રફળ 480 મી$^2$ છે. આ ખેતરની સમાંતર બાજુઓ વચ્ચેનું લંબઅંતર 15 મીટર છે અને સમાંતર બાજુઓમાંથી એકની લંબાઈ 20 મીટર છે તો બીજી સમાંતર બાજુની લંબાઈ શોધો.

**ઉકેલ :** સમલંબ ચતુષ્કોણની સમાંતર બાજુઓમાંથી એકની લંબાઈ $a$ = 20 મીટર અને બીજી સમાંતર બાજુની લંબાઈ $b$ ધારો અને તેમની વચ્ચેનું લંબ અંતર $h$ = 15 મીટર છે.

ઉપરાંત સમલંબ ખેતરનું ક્ષેત્રફળ = 480 મીટર$^2$ આપેલ છે.

સમલંબનું ક્ષેત્રફળ $= \frac{1}{2}h(a + b)$

$\therefore 480 = \frac{1}{2} \times 15 \times (20 + b)$

$\therefore \frac{480 \times 2}{15} = 20 + b$

$\therefore 64 = 20 + b \quad \therefore b = 44$ મીટર

આથી સમલબ ચતુષ્કોણની બીજી સમાંતર બાજુ 44 મીટરની હશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ઉદાહરણ 2 :** સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 240 સેમી$^2$ છે અને તેના એક વિકર્ણની લંબાઈ 16 સેમી છે તો બીજા વિકર્ણની લંબાઈ શોધો.

**ઉકેલ :** ધારો કે એક વિકર્ણની લંબાઈ $d_1$ = 16 સેમી છે અને બીજા વિકર્ણની લંબાઈ $d_2$ છે.

હવે સમબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ $= \frac{1}{2} d_1 \cdot d_2$


$$\therefore\ 240 = \frac{1}{2} \times 16 \times d_2$$

$$\therefore\ \frac{240 \times 2}{16} = d_2$$


$\therefore\ d_2$ = 30 સેમી

સમબાજુ ચતુષ્કોણના બીજા વિકર્ણની લંબાઈ 30 સેમી છે.

**ઉદાહરણ 3 :** આકૃતિ 9.6 માં એક સમબાજુ ષટ્કોણ MNOPQR દર્શાવેલ છે, તેની દરેક બાજુ 5 સેમી લંબાઈની છે. આકૃતિ 9.7 માં દર્શાવ્યા મુજબ અમન અને રિદ્ધિમા આ ષટ્કોણને જુદી-જુદી રીતે વિભાજિત કરે છે. આ બંને પ્રકારના વિભાજનના આધારે ષટ્કોણનું ક્ષેત્રફળ મેળવો.




**આકૃતિ 9.6**





**અમનની રીત** **રિદ્ધિમાની રીત**

**આકૃતિ 9.7**

**ઉકેલ :** અમન દ્વારા કરેલ વિભાજન પ્રમાણે :


આપેલ ષટ્કોણ સમબાજુ હોવાથી NQ વિકર્ણ ષટ્કોણને બે એકરૂપ સમલંબ ચતુષ્કોણમાં વિભાજિત કરે છે. તેને કાગળમાં ષટ્કોણ કાપી પછી NQમાંથી વાળીને તમે ખરાઈ કરી શકો (જુઓ આકૃતિ 9.8). હવે સમલંબ MNQRનું ક્ષેત્રફળ $= 4 \times \frac{(11+5)}{2} = 2 \times 16 = 32$ સેમી$^2$




**આકૃતિ 9.8**

તેથી, ષટ્કોણ MNOPQRનું ક્ષેત્રફળ $= 2 \times 32 = 64$ સેમી$^2$

**રિદ્ધિમાએ કરેલ ષટ્કોણના વિભાજન પ્રમાણે :**




**આકૃતિ 9.9**

આકૃતિ 9.9 માં $\Delta$MNO અને $\Delta$RPQ એકરૂપ ત્રિકોણ છે. તેના શિરોબિંદુમાંથી દોરેલા લંબની લંબાઈ 3 સેમી છે.

આ બન્ને ત્રિકોણોને કાપી એકબીજા પર મૂકીને એકરૂપતાની ચકાસણી કરી શકાય.


$\Delta$MNOનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times 8 \times 3 = 12$ સેમી$^2$

$\Delta$RPQનું ક્ષેત્રફળ = 12 સેમી$^2$ ($\because$ $\Delta$MNO અને $\Delta$RPQ એકરૂપ ત્રિકોણો છે.)

લંબચોરસ MOPRનું ક્ષેત્રફળ $= 8 \times 5 = 40$ સેમી$^2$

હવે ષટ્કોણ MNOPQRનું ક્ષેત્રફળ $= 40 + 12 + 12 = 64$ સેમી$^2$


## સ્વાધ્યાય 9.1




1. એક ટેબલની ઉપર સમતલ પાટિયું સમલંબ ચતુષ્કોણ આકારનું છે. જો તેની સમાંતર બાજુઓની લંબાઈ 1 મીટર અને 1.2 મીટર હોય અને સમાંતર બાજુઓની વચ્ચેનું લંબઅંતર 0.8મી હોય, તો ટેબલના આ પાટીયાનું ક્ષેત્રફળ શોધો.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. એક સમલંબ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 34 સેમી$^2$ છે અને તેની ઊંચાઈ 4 સેમી છે. આ સમલંબની સમાંતરબાજુઓમાંથી એક બાજુની લંબાઈ 10 સેમી છે, તો તેની બીજી સમાંતર બાજુની લંબાઈ શોધો.






3. એક સમલંબ ચતુષ્કોણ આકારના ખેતર ABCDની વાડની લંબાઈ 120 મીટર છે. જો BC = 48 મીટર, CD = 17 મીટર અને AD = 40 મીટર હોય, તો આ ખેતરનું ક્ષેત્રફળ શોધો. અહીં બાજુ AB એ સમાંતર બાજુ AD અને BC પર લંબ છે.

4. એક ચતુષ્કોણ આકારના ખેતરના વિકર્ણની લંબાઈ 24 મીટર છે અને બાકીનાં બે શિરોબિંદુમાંથી આ વિકર્ણ પર દોરેલા લંબ 8 મીટર અને 13 મીટર છે તો ખેતરનું ક્ષેત્રફળ શોધો.





5. એક સમબાજુ ચતુષ્કોણના વિકર્ણોની લંબાઈ 7.5 સેમી અને 12 સેમી છે તો તેનું ક્ષેત્રફળ શોધો.
6. એક સમબાજુ ચતુષ્કોણની બાજુ 5 સેમી અને વેધ 4.8 સેમી છે, તો તેનું ક્ષેત્રફળ શોધો. જો એક વિકર્ણની લંબાઈ 8 સેમી હોય તો બીજા વિકર્ણની લંબાઈ મેળવો.
7. કોઈ મકાનના ભોંયતળિયામાં સમબાજુ ચતુષ્કોણ આકારની 3000 લાદીઓ લગાડેલ છે. આ લાદીના વિકર્ણની લંબાઈ 45 સેમી અને 30 સેમી છે. હવે એક ચોરસ મીટર લાદી ઘસવાનો ખર્ચ જો 4 રૂપિયા હોય તો સમગ્ર ભોંયતળિયાની લાદી ઘસાવવા માટે કેટલો ખર્ચ થશે ?
8. મોહન એક સમલંબ ચતુષ્કોણ આકારનું ખેતર ખરીદવા ઈચ્છે છે. આ ખેતરની નદી તરફની બાજુ, એ રસ્તા તરફની બાજુને સમાંતર અને અંતરમાં બમણી છે. જો આ ખેતરનું ક્ષેત્રફળ 10,500 મી$^2$ હોય અને ખેતરની સમાંતર બાજુઓ વચ્ચેનું લંબ અંતર 100 મીટર હોય તો ખેતરની નદી તરફની બાજુની લંબાઈ શોધો.








9. જમીન પર એક ઓટલો છે. તેની ઉપરનું સમતલ સમબાજુ અષ્ટ્કોણ આકારનું છે. જે આકૃતિમાં દર્શાવેલ છે. આ અષ્ટ્કોણીય સમતલનું ક્ષેત્રફળ શોધો.
10. એક પંચકોણ આકારનો બગીચો છે જે આકૃતિમાં દર્શાવેલ છે. આ પંચકોણનું ક્ષેત્રફળ શોધવા માટે જ્યોતિ અને કવિતાએ જુદી-જુદી રીતે પંચકોણને વિભાજિત કરેલ છે.




જ્યોતિએ કરેલ વિભાજન    કવિતાએ કરેલ વિભાજન

બન્ને રીતે કરેલા વિભાજનની મદદથી બગીચાનું ક્ષેત્રફળ શોધો. શું તમે આ પંચકોણનું ક્ષેત્રફળ શોધવાની અન્ય કોઈ રીત બતાવી શકો છો ?





11. આકૃતિમાં બતાવેલ ફોટો ફ્રેમની બહારની ધારનું માપ 24 સેમી × 28 સેમી છે અને અંદરની ધારનું માપ અનુક્રમે 16 સેમી × 20 સેમી છે. હવે જો ફ્રેમના ચારે ટુકડાની જાડાઈ સમાન હોય તો ફ્રેમના પ્રત્યેક ટુકડાનું ક્ષેત્રફળ શોધો.

## 9.3 ઘન આકાર (Solid Shapes)

આગળના ધોરણમાં આપણે શીખી ચૂક્યા છીએ કે દ્વિ-પરિમાણીય આકૃતિઓને, ત્રિ-પરિમાણીય આકારના ફલક સ્વરૂપે ઓળખી શકાય છે. અત્યાર સુધીમાં મુખ્યત્વે આપણે જે ઘન આકાર (Solid Shape)નો અભ્યાસ કર્યો તે આકૃતિ 9.10 માં દર્શાવેલ છે તે જુઓ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





**આકૃતિ 9.10**


આકૃતિ 9.10 માં દર્શાવેલા કેટલાક આકારોમાં બે કે બેથી વધારે એકરૂપ સપાટી આવેલી છે. તેનું નામકરણ કરો. કયા ઘનમાં બધી સપાટી એકરૂપ છે ? તે જણાવો.

## આટલું કરો

આકૃતિ 9.11 માં દર્શાવ્યા મુજબ સાબુ, રમકડાં, દંતમંજન, બિસ્કિટ વગેરે ઘનાકાર, નળાકાર જેવા જુદા-જુદા આકારના ખોખા(બૉક્સ)માં આવે છે. આવા ડબ્બા કે ખોખાં ભેગાં કરો અને તેના આકારોનો અભ્યાસ કરો (આકૃતિ 9.11).





**આકૃતિ 9.11**




હવે એક પછી એક જુદા-જુદા આકારના ડબ્બા/ખોખા લો. તેની દરેક સપાટીને કાપીને અલગ કરો. દરેક સપાટીના આકારનું અવલોકન કરો. સપાટીને એકબીજા ઉપર રાખીને ખાતરી કરો કે તેઓ સમાન છે કે કેમ ? કુલ સપાટી અને સમાન સપાટીની સંખ્યા શોધો અને તમારાં તારણો લખો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




આકૃતિ 9.12
(લંબવૃત્તીય
નળાકાર)

શું તમે નીચેની બાબતો પર ધ્યાન આપ્યું ?


નળાકારની બંને સમાન (એકરૂપ) વર્તુળાકાર સપાટી એકબીજાને સમાંતર છે (આકૃતિ 9.12 જુઓ).

હવે આ વર્તુળાકાર સપાટી પર ધ્યાન કેન્દ્રિત કરો, વર્તુળાકાર સપાટીના મધ્યકેન્દ્રને જોડતો રેખાખંડ આધારને લંબ છે. આવા નળાકારને લંબવૃત્તીય નળાકાર કહે છે. આપણે માત્ર આ પ્રકારના જ નળાકારનો અભ્યાસ કરીશું. અલબત્ત, આકૃતિ 9.13 માં દર્શાવ્યા મુજબના બીજા પ્રકારના નળાકાર પણ હોય છે, જે લંબવૃત્તીય નળાકાર નથી.



આકૃતિ 9.13
(આ એક લંબવૃત્તીય
નળાકાર નથી.)

## વિચારો, ચર્ચા કરો અને લખો




અહીં આપેલી આકૃતિમાં આપેલા ઘનાકારને નળાકાર કહેવો એ કંઈ ખોટું છે ?

974JY5

## 9.4 ઘન, લંબઘન અને નળાકારના પૃષ્ઠફળ (પૃષ્ઠીય ક્ષેત્રફળ – Surface Area)

ઈમરાન, મોનિકા અને જસપાલ ક્રમશઃ આકૃતિ 9.14 માં દર્શાવેલા સમાન ઊંચાઈના લંબઘન, સમઘન અને નળાકારને રંગ કરે છે.



આકૃતિ 9.14


હવે તેઓ એ જાણવા પ્રયત્ન કરે છે કે કોણે વધુ રંગ કર્યો ? હરિ તેમને સલાહ આપે છે કે પ્રત્યેક ડબ્બાનું પૃષ્ઠફળ શોધવાથી તેઓ નક્કી કરી શકશે કે કોણે વધુ રંગ કર્યો છે.

કુલ પૃષ્ઠફળ મેળવવા માટે ઘનાકારની દરેક સપાટીનું ક્ષેત્રફળ મેળવો અને તેનો સરવાળો કરો. આમ, કોઈ પણ ઘન આકારનું પૃષ્ઠફળ તેની સપાટીના ક્ષેત્રફળના સરવાળા જેટલું હોય છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરવા આપણે એક પછી એક દરેક આકાર વિશે સમજીએ.


### 9.4.1 લંબઘન (Cuboid)

ધારો કે આકૃતિ 9.15 માં દર્શાવ્યા મુજબનું દંતમંજન(ટૂથપેસ્ટ)નું ખોખું તમારી પાસે છે. હવે આ ખોખા(બૉક્સ)ને આકૃતિ 9.16 માં દર્શાવ્યા મુજબ કાપી અને ખોલી નાખતા દરેક ફલક એક બીજા સાથે જોડાયેલા પ્રાપ્ત થશે.

હવે અહીં દરેક બાજુની લંબાઈ દર્શાવો. આપણે જાણીએ છીએ કે લંબઘન (Cuboid)માં ત્રણ જોડ એકરૂપ લંબચોરસ ફલક પ્રાપ્ત થાય છે. આ પ્રત્યેક ફલકનું ક્ષેત્રફળ મેળવવા આપણે કયા સૂત્રનો ઉપયોગ કરી શકીશું ?




આકૃતિ 9.15




આકૃતિ 9.16

ખોખા(બૉક્સ)ના દરેક ફલકનું ક્ષેત્રફળ મેળવી કુલ ક્ષેત્રફળ મેળવો. આપણે જાણીએ છીએ કે, લંબઘનનું કુલ ક્ષેત્રફળ = ક્ષેત્રફળ I + ક્ષેત્રફળ II + ક્ષેત્રફળ III + ક્ષેત્રફળ IV + ક્ષેત્રફળ V + ક્ષેત્રફળ VI

$= (h \times l) + (b \times l) + (b \times h) + (l \times h) + (b \times h) + (l \times b)$

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તેથી કુલ સપાટીનું ક્ષેત્રફળ $= 2[(h \times l) + (b \times h) + (b \times l)] = 2(lb + bh + hl)$


જ્યાં, $h$, $l$ અને $b$ અનુક્રમે લંબઘનની ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈ છે. હવે જો ઉપરોક્ત દર્શાવેલ ખોખાની ઊંચાઈ, લંબાઈ અને પહોળાઈ ક્રમશઃ 20 સેમી, 15 સેમી અને 10 સેમી હોય તો,

કુલ પૃષ્ઠફળ $= 2[(20 \times 15) + (20 \times 10) + (10 \times 15)]$

$= 2(300 + 200 + 150) = 1300$ ચોરસસેમી થાય.


## પ્રયત્ન કરો

આકૃતિ 9.17 માં દર્શાવેલ લંબઘનનું પૃષ્ઠફળ મેળવો.



આકૃતિ 9.17

- લંબઘનના કુલ પૃષ્ઠફળમાંથી તેના તળિયા અને ઉપરની સપાટીને બાદ કરતાં લંબઘનની ચાર દીવાલનું ક્ષેત્રફળ પ્રાપ્ત થાય છે. ઉદાહરણ તરીકે તમે જે લંબઘન આકારના ઓરડામાં બેઠા છો, તેની ચારે દીવાલનું કુલ ક્ષેત્રફળ, ઓરડાનું પાર્શ્વ પૃષ્ઠફળ (ખુલ્લા લંબઘનનું ક્ષેત્રફળ) તરીકે ઓળખાય છે જુઓ આકૃતિ 9.18. આમ, લંબઘનના પાર્શ્વ પૃષ્ઠફળ (lateral surface area) $2(h \times l + b \times h)$ અથવા $2h(l + b)$ વડે મેળવી શકાય છે.



આકૃતિ 9.18

## આટલું કરો


(i) તમારા વર્ગમાં શિક્ષક જે ડસ્ટર લઈને આવે છે તે લંબઘન આકારનું છે. આ ડસ્ટરની ઊંચાઈ જેટલી પહોળાઈ ધરાવતી ભૂરા રંગની કાગળની પટ્ટીને ડસ્ટરની આસ-પાસની ચારે સપાટી સાથે ગોઠવીને એક પરિભ્રમણ પૂરું કરી વધારાની કાગળની પટ્ટી દૂર કરો. હવે આ કાગળની પટ્ટી દ્વારા લંબઘનની ચારે સપાટી ઘેરાયેલી છે. હવે આ કાગળની પટ્ટીને હટાવીને તેનું ક્ષેત્રફળ માપો. શું આ માપ ડસ્ટરના પાર્શ્વ પૃષ્ઠફળ જેટલું છે ?

(ii) તમારા વર્ગખંડની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ માપો અને નીચે માગ્યા મુજબનું પૃષ્ઠફળ શોધો.
   (a) દરવાજા અને બારીને બાદ કરતા વધતું ઓરડાનું કુલ પૃષ્ઠફળ
   (b) આ ઓરડાનું પાર્શ્વ પૃષ્ઠફળ
   (c) ઓરડાને જે ભાગમાં રંગવાનો છે તેનું કુલ ક્ષેત્રફળ

## વિચારો, ચર્ચા કરો અને લખો

1. શું આપણે કહી શકીએ કે લંબઘનનું કુલ પૃષ્ઠફળ = પાર્શ્વ પૃષ્ઠફળ + 2 (તળિયાનું ક્ષેત્રફળ) ?

2. જો આકૃતિ 9.19 (i)માં દર્શાવેલા લંબઘનની ઊંચાઈ અને આધારની લંબાઈને પરસ્પર બદલી નાખીએ તો આકૃતિ 9.19 (ii)માં દર્શાવેલ લંબઘન પ્રાપ્ત થાય છે તો તેનું પાર્શ્વ પૃષ્ઠફળ બદલાઈ જશે ?




આકૃતિ 9.19

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


### 9.4.2 ઘન (Cube)

**આટલું કરો**

એક આલેખપત્ર પર આકૃતિ 9.20(i)માં દર્શાવ્યા મુજબની રેખાકૃતિ દોરો અને તેને કાપો. તમે જાણો છો તેમ આ રેખાકૃતિ એક ઘનનું પૃષ્ઠફળ દર્શાવે છે. આ રેખાકૃતિને આકૃતિ 9.20(ii)માં દર્શાવ્યા મુજબ વાળો અને આકૃતિ 9.20(iii)માં દર્શાવ્યા મુજબ ગમ પટ્ટી લગાવીને ઘન તૈયાર કરો.




આકૃતિ 9.20




(i) (ii)

આકૃતિ 9.21

(a) આકૃતિ 9.21(i)માં દર્શાવેલ ઘનની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ કેટલી છે ? યાદ રાખો કે ઘનની દરેક સપાટી ચોરસ આકારની હોય છે. તેથી ઘનની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ સમાન હોય છે.

(b) ઘનની દરેક સપાટીનું ક્ષેત્રફળ લખો. શું બધાં ફલકોનું ક્ષેત્રફળ સમાન મળે છે ?

(c) આ ઘનનું કુલ પૃષ્ઠફળ લખો.

(d) જો ઘનની પ્રત્યેક બાજુની લંબાઈ $l$ હોય, તો પ્રત્યેક સપાટીનું ક્ષેત્રફળ શું થશે ? (આકૃતિ 9.21 (ii) જુઓ.)

શું એમ કહી શકાય કે $l$ લંબાઈની બાજુવાળા ઘનનું પૃષ્ઠફળ $6l^2$ થાય ?

**પ્રયત્ન કરો**



આકૃતિ 9.22માં દર્શાવેલ ઘન Aનું પૃષ્ઠફળ અને ઘન Bનું પાર્શ્વ પૃષ્ઠફળ શોધો.





આકૃતિ 9.22

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો, ચર્ચા કરો અને લખો




(i) આકૃતિ 9.23 માં દર્શાવ્યા મુજબ $b$ બાજુવાળા બે ઘનને જોડીને એક લંબઘન બનાવ્યો છે તો આ લંબઘનનું પૃષ્ઠફળ શું હશે ? શું એ $12b^2$ હશે ? શું આવી જ રીતે $b$ બાજુ ધરાવતાં ત્રણ ઘન જોડીને બનાવેલ લંબઘનનું પૃષ્ઠફળ $18b^2$ થશે ? કેમ ?




આકૃતિ 9.23

(ii) સમાન બાજુવાળા 12 લંબઘનને કઈ રીતે ગોઠવીએ તો તેનાથી બનતા લંબઘનનું પૃષ્ઠફળ લઘુતમ થાય ?

(iii) આકૃતિ 9.24 માં દર્શાવ્યા મુજબ એક ઘન ઉપર રંગ કર્યા બાદ તેના એકસરખા 64 ઘન બને તેમ કાપવામાં આવેલ છે અને અલગ કરવામાં આવે છે. તો આમાંથી કેટલા ઘન એવા હશે કે તેની એક પણ બાજુ રંગેલી નહીં હોય ? કેટલા ઘનનું માત્ર એક ફલક (બાજુ) રંગેલું હશે ? કેટલા ઘનની બે સપાટી રંગેલી હશે ? અને કેટલા ઘનની ત્રણ સપાટી રંગેલી હશે ?



આકૃતિ 9.24

### 9.4.3 નળાકાર (Cylinder)


આપણે જેટલા નળાકાર (Cylinder) જોઈએ છીએ તેમાંથી મોટા ભાગના લંબવૃત્તીય નળાકાર હોય છે. ઉદાહરણ તરીકે ડબ્બો, ભૂંગળું (ગોળ પાઈપ), ટ્યૂબલાઈટ, પાણીની પાઈપ વગેરે.

## આટલું કરો



(i) આકૃતિ 9.25 (i)માં દર્શાવ્યા મુજબ એક આલેખપત્ર પર એક નળાકાર કેન કે ડબ્બાને રાખી તેના તળિયાના માપનો ટુકડો કાપીને અલગ કરો. હવે આકૃતિ 9.25 (ii)માં બતાવ્યા મુજબ નળાકારની ઊંચાઈ જેટલી પહોળાઈના એક આલેખપત્રને નળાકારની ફરતે વીંટાળો અને વધારાનો આલેખપત્ર કાપી નાખો. હવે આકૃતિ 9.25 (iii)માં દર્શાવ્યા મુજબના બે વર્તુળાકાર અને એક લંબચોરસ આલેખના ટુકડાને આકૃતિ 9.25 (iv)માં બતાવ્યા મુજબ ગમપટ્ટીથી જોડી નળાકાર તૈયાર કરો.

આકૃતિ 9.25 (iv)માં નળાકાર કેનની વક્રસપાટી પર વીંટાળેલ ભાગનો આકાર કેવો છે ?




(i) (ii) (iii) (iv)

આકૃતિ 9.25

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ આકાર ચોક્કસપણે લંબચોરસ જ છે. હવે જ્યારે આપણે નળાકારના આ ભાગોને એકબીજા સાથે પટ્ટીથી જોડીએ ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે લંબચોરસ પટ્ટીની લંબાઈ નળાકારના તળિયે (કે ઉપરની તરફ) આવેલા વર્તુળના પરિઘ જેટલી હોય છે. વર્તુળાકાર આધાર(તળિયા)ની ત્રિજ્યા $r$, લંબચોરસ પટ્ટીની લંબાઈ $l$ અને પટ્ટીની પહોળાઈ $h$ માપો. શું $2\pi r =$ પટ્ટીની લંબાઈ થાય છે ? લંબચોરસ પટ્ટીનું ક્ષેત્રફળ $2\pi rh$ થાય છે ? ચકાસો. હવે નળાકાર બનાવવામાં વપરાયેલ આલેખપત્ર પરના ચોરસોની સંખ્યા ગણીને નક્કી કરો કે નળાકાર બનાવવા કેટલા ચોરસ એકમનો ઉપયોગ થયેલ છે. શું ગણતરી કરેલ આ માપ લગભગ $2\pi r\ (r + h)$ના માપ જેટલું છે ?

(ii) આપણે નળાકારના પૃષ્ઠફળનો $2\pi r\ (r + h)$ સાથેનો સંબંધ બીજી રીતે પણ મેળવી શકીએ છીએ. નીચેની આકૃતિ 9.26 માં દર્શાવ્યા મુજબના એક નળાકારને કાપવાની કલ્પના કરો. (આકૃતિ 9.26)




**આકૃતિ 9.26**

**નોંધ :** જ્યારે $\pi$ની કિંમત વિષે કંઈ કહેવામાં આવેલ ન હોય ત્યારે તેની કિંમત આપણે $\frac{22}{7}$ લઈશું.

આથી નળાકારનું પાર્શ્વ પૃષ્ઠફળ (વક્રસપાટીનું ક્ષેત્રફળ) $2\pi rh$ છે.

નળાકારનું કુલ પૃષ્ઠફળ $= \pi r^2 + 2\pi rh + \pi r^2$

$= 2\pi r^2 + 2\pi rh = 2\pi r\ (r + h)$



## પ્રયત્ન કરો

આકૃતિ 9.27 માં દર્શાવેલા નળાકારનું કુલ પૃષ્ઠફળ શોધો.




**આકૃતિ 9.27**



## વિચારો, ચર્ચા કરો અને લખો


નોંધ કરો કે કોઈ નળાકારના પાર્શ્વ પૃષ્ઠફળ (વક્રસપાટીનું ક્ષેત્રફળ) નળાકારના આધારના પરિઘ × નળાકારની ઊંચાઈ જેટલું હોય છે. શું આપણે લંબઘનના પાર્શ્વ પૃષ્ઠફળ(ચાર દીવાલનું ક્ષેત્રફળ)ને આધાર(તળિયા)ના લંબચોરસની પરિમિતિ × લંબઘનની ઊંચાઈના સ્વરૂપમાં લખી શકીએ ?

**ઉદાહરણ 4 :** એક માછલીઘર લંબઘન આકારનું છે, તેનું બહારથી માપ 80 સેમી × 30 સેમી × 40 સેમી છે. હવે આ માછલીઘરના તળિયા પર, બન્ને બાજુ પર, અને માછલીઘરની પાછળની સપાટી પર કાગળ લગાડવાનો છે તો જોઈતા કાગળનું ક્ષેત્રફળ શોધો.

**ઉકેલ :** માછલીઘરની લંબાઈ $(l)$ = 80 સેમી

માછલીઘરની પહોળાઈ $(b)$ = 30 સેમી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



માછલીઘરની ઊંચાઈ ($h$) = 40 સેમી છે.
તેથી તળિયાનું ક્ષેત્રફળ = $l \times b = 80 \times 30 = 2400$ સેમી$^2$
એક સાઈડ(બાજુ)નું ક્ષેત્રફળ = $b \times h = 30 \times 40 = 1200$ સેમી$^2$
પાછલા ફલકનું ક્ષેત્રફળ = $l \times h = 80 \times 40 = 3200$ સેમી$^2$
માંગેલ ક્ષેત્રફળ = તળિયાનું ક્ષેત્રફળ + પાછળના ફલકનું ક્ષેત્રફળ
+ (2 × બાજુ પરના ફલકનું ક્ષેત્રફળ)
= $2400 + 3200 + (2 \times 1200) = 8000$ સેમી$^2$

તેથી જરૂરી રંગીન કાગળનું ક્ષેત્રફળ 8000 સેમી$^2$ છે.

**ઉદાહરણ 5 :** એક લંબઘન આકારના ઓરડાનું અંદરનું માપ 12 મી × 8 મી × 4 મી છે. ઓરડો રંગવાનો ભાવ 5 રૂપિયા પ્રતિ ચોરસ મીટર હોય તો ઓરડાની ચારે દીવાલ રંગવાનો ખર્ચ કેટલો થશે ? અને જો ઓરડાની છતને પણ રંગીએ તો રંગ કરાવવાનો ખર્ચ કેટલો થશે ?

**ઉકેલ :** ધારો કે ઓરડાની લંબાઈ ($l$) = 12 મીટર
ઓરડાની પહોળાઈ ($b$) = 8 મીટર
ઓરડાની ઊંચાઈ ($h$) = 4 મીટર
ઓરડાની ચારે દીવાલનું ક્ષેત્રફળ = ભોંયતળિયાની પરિમિતિ × ઓરડાની ઊંચાઈ
= $2\ (l + b) \times h$
= $2\ (12 + 8) \times 4$
= $2 \times 20 \times 4 = 160$ મીટર$^2$

હવે રંગ કરાવવાનો ખર્ચ 5 રૂપિયા/મીટર$^2$ છે.
તેથી ઓરડાની ચારે દીવાલ રંગવાનો કુલ ખર્ચ = ₹(160 × 5) = 800 રૂપિયા
છતનું ક્ષેત્રફળ = $l \times b = 12 \times 8 = 96$ મી$^2$
માટે છતને રંગવાનો ખર્ચ = 96 × 5 = 480 રૂપિયા
તેથી ઓરડાને રંગવાનો કુલ ખર્ચ = ચાર દીવાલ રંગવાનો ખર્ચ + છત રંગવાનો ખર્ચ
= 800 + 480 = ₹ 1280



**ઉદાહરણ 6 :** એક મહેલમાં 24 નળાકાર સ્તંભો છે. દરેક સ્તંભની ત્રિજ્યા 28 સેમી અને ઊંચાઈ 4 મીટર છે. 8 રૂપિયા પ્રતિ ચોરસ મીટરના ભાવથી બધા સ્તંભોની વક્રસપાટીને રંગવાનો કુલ ખર્ચ કેટલો થશે ?

**ઉકેલ :** નળાકાર સ્તંભની ત્રિજ્યા = 28 સેમી = 0.28 મીટર
નળાકાર સ્તંભની ઊંચાઈ = 4 મીટર
હવે, નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ = $2\pi rh$



સ્તંભની વક્રસપાટીનું ક્ષેત્રફળ = $2 \times \frac{22}{7} \times 0.28 \times 4 = 7.04$ મી$^2$
આવા 24 સ્તંભોની વક્રસપાટીનું ક્ષેત્રફળ = $7.04 \times 24 = 168.96$ મી$^2$
વળી, 1 મીટર$^2$ રંગકામ માટેનો ખર્ચ = ₹ 8 છે.
તેથી 168.96 મીટર$^2$ રંગકામ કરવાનો કુલ ખર્ચ = 168.96 × 8 = ₹ 1351.68

**ઉદાહરણ 7 :** એક નળાકારની ત્રિજ્યા 7 સેમી અને કુલ પૃષ્ઠફળ 968 સેમી$^2$ છે, તો તેની ઊંચાઈ શોધો.

**ઉકેલ :** ધારો કે નળાકારની ઊંચાઈ = $h$ છે.
નળાકારની ત્રિજ્યા = $r$ = 7 સેમી
નળાકારનું કુલ પૃષ્ઠફળ = $2\pi r\ (h + r)$

$\therefore$ 968 = $2 \times \frac{22}{7} \times 7\ (h + 7)$

$\therefore h$ = 15 સેમી થાય.


એટલે કે નળાકારની ઊંચાઈ 15 સેમી હશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## સ્વાધ્યાય 9.2


1. બાજુની આકૃતિમાં બતાવ્યા મુજબના માપનો એક લંબઘન અને એક સમઘન છે. આ બન્ને ડબ્બામાંથી કયો ડબ્બો બનાવવામાં ઓછી સામગ્રી વપરાશે ?




2. 80 સેમી × 48 સેમી × 24 સેમી માપ ધરાવતી એક સૂટકેસને તાડપત્રીના કપડાથી ઢાંકવાની છે (કવર બનાવવાનું છે). આવી 100 સૂટકેસને ઢાંકવા માટે 96 સેમી પહોળાઈ ધરાવતી તાડપત્રીના કેટલા મીટર કાપડની જરૂર પડશે ?


3. એક એવા ઘનની બાજુનું માપ શોધો કે જેનું પૃષ્ઠફળ 600 સેમી$^2$ હોય ?

4. રુખસારે 1 મી × 2 મી × 1.5 મી માપવાળી પેટીને બહારથી રંગ કર્યો. જો તેણે પેટીના તળિયા સિવાય બહારની તરફ બધે રંગ કર્યો હોય, તો તેણે કેટલા પૃષ્ઠફળમાં રંગ કર્યો હશે ?




5. ડેનિયલ એક લંબઘન આકારના ઓરડાની દીવાલ અને છતને રંગે છે જેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ ક્રમશઃ 15 મી, 10 મી અને 7 મી છે. રંગના એક ડબ્બામાંથી 100 મીટર$^2$ ક્ષેત્રફળ પર રંગ કરી શકાતો હોય, તો ઓરડાને રંગવા માટે કેટલા ડબ્બા રંગ જોઈશે ?

6. જમણી બાજુએ આપેલી આકૃતિમાંના બંને ડબ્બા કઈ રીતે સમાન છે અને કઈ રીતે એક બીજાથી જુદા પડે છે ? કયા ડબ્બાનું પાર્શ્વ પૃષ્ઠફળ વધારે હશે ?





7. 7 મીટર ત્રિજ્યા અને 3 મીટર ઊંચાઈવાળી એક બંધ નળાકાર ટાંકી ધાતુના પતરામાંથી બનાવવામાં આવેલ છે. આ ટાંકીને બનાવવા માટે ધાતુનું કેટલું પતરું જોઈશે ?

8. એક ખુલ્લા નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ 4224 સેમી$^2$ છે. આ નળાકારને તેની ઊંચાઈ તરફથી કાપીને 33 સેમી પહોળાઈની એક લંબચોરસ આકારની સીટ બનાવવામાં આવે છે, તો લંબચોરસ સીટની પરિમિતિ મેળવો.

9. એક રસ્તાને એક વખત સમતલ કરવા માટે રોલરને 750 વખત પરિભ્રમણ કરવું પડે છે. હવે જો રોલરનો વ્યાસ 84 સેમી અને પહોળાઈ 1 મીટર હોય તો રસ્તાનું ક્ષેત્રફળ શોધો.



10. એક કંપની તેના દૂધ પાવડરને એવા નળાકાર ડબ્બામાં પેક કરે છે જેનો વ્યાસ 14 સેમી અને ઊંચાઈ 20 સેમી હોય. બાજુની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે કંપની ડબ્બાની વક્રસપાટી પર ફરતે લેબલ લગાવે છે. જો આ લેબલ નળાકારના શીર્ષ અને તળિયા બન્નેથી 2 સેમી દૂર ચોંટાડવામાં આવતું હોય તો લેબલનું ક્ષેત્રફળ શોધો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 9.5 ઘન, લંબઘન અને નળાકારનું ઘનફળ/કદ

97DFZS

ત્રિપરિમાણીય આકાર દ્વારા ઘેરાતી જગ્યાને તેનું ઘનફળ/કદ (Volume) કહેવામાં આવે છે. તમારી આસપાસની વસ્તુઓના ઘનફળ(કદ)ની સરખામણી કરવાનો પ્રયત્ન કરો. ઉદાહરણ તરીકે, ઓરડામાં રાખેલા કબાટના ઘનફળની સરખામણીમાં તે ઓરડાનું ઘનફળ વધારે છે. એ જ રીતે તમારા પેન્સિલબૉક્સનું ઘનફળ તેમાં રાખેલી પેન્સિલ કે દરેક રબ્બરના ઘનફળ કરતા વધારે છે. શું તમે એમાંથી કોઈ પણ વસ્તુનું ઘનફળ માપી શકો છો ?

યાદ કરો કે આપણે કોઈ પણ સપાટીનું ક્ષેત્રફળ મેળવવા માટે આલેખપત્ર જેવા ચોરસ એકમોનો ઉપયોગ કરતા હતા. અહીં આપણે ઘનાકાર વસ્તુનું ઘનફળ મેળવવા માટે ઘન એકમોનો ઉપયોગ કરીશું કારણ કે ઘન એ સૌથી વધારે સુવિધાયુક્ત ઠોસ આકાર છે. (જેમ સપાટીના ક્ષેત્રફળના માપન માટે ચોરસ સૌથી વધારે સુવિધાયુક્ત આકાર છે, તેમ ઘન વસ્તુનું ઘનફળ માપવા માટે ઘન એ સૌથી વધુ સુવિધાયુક્ત ઘન આકાર છે.)



આકૃતિ 9.28

કોઈ પણ ઘન પદાર્થનું ઘનફળ મેળવવા માટે આપણે જે-તે ઘનાકાર વસ્તુને ઘન એકમોમાં વિભાજિત કરવાની જરૂર પડે છે. આકૃતિ 9.28 માં આપેલ દરેક ઘન આકારનું ઘનફળ 8 ઘન એકમ છે. આ બાબતે વિચારો.

આથી આપણે કહી શકીએ કે, કોઈ પણ ઠોસ(ઘન)ના ઘનફળ માપવા માટે આપણે તેમાં રહેલા ઘન એકમો ગણીએ છીએ.

1 ઘન સેમી $=$ 1 સેમી $\times$ 1 સેમી $\times$ 1 સેમી $=$ 1 સેમી$^3$

$=$ 10 મિમી $\times$ 10 મિમી $\times$ 10 મિમી $=$ ....... મિમી$^3$

1 ઘન મીટર $=$ 1 મી $\times$ 1 મી $\times$ 1 મી $=$ 1 મી$^3$

$=$ .................... સેમી$^3$



1 ઘન મિલીમીટર $=$ 1 મિમી $\times$ 1 મિમી $\times$ 1 મિમી $=$ 1 મિમી$^3$

$=$ 0.1 સેમી $\times$ 0.1 સેમી $\times$ 0.1 સેમી $=$ .................... સેમી$^3$



હવે આપણે ઘન, લંબઘન અને નળાકારનાં ઘનફળ મેળવવા માટેનાં સૂત્ર શોધીશું. ચાલો, દરેક ઘન ઉપર એક પછી એક ચર્ચા કરીએ.


### 9.5.1 લંબઘન

સમાન આકાર (પ્રત્યેક ઘનની લંબાઈ સમાન) હોય તેવા 36 સમઘન લો અને તેમને વ્યવસ્થિત ગોઠવીને લંબઘન (Cuboid) બનાવો. તમે આવા ઘણા પ્રકારના લંબઘન બનાવી શકો છો. નીચેના કોષ્ટક ઉપર વિચાર કરીને ખાલી જગ્યા પૂરો.

| | ઘન | લંબાઈ | પહોળાઈ | ઊંચાઈ | $l \times b \times h = V$ |
|---|---|---|---|---|---|
| (i) |   | 12 | 3 | 1 | $12 \times 3 \times 1 = 36$ |
| (ii) |   | ... | ... | ... | ... |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | | | |
|---|---|---|---|---|---|
| (iii) |  | ... | ... | ... | ... |
| (iv) |  | ... | ... | ... | ... |





ઉપર દર્શાવેલ સારણીમાં તમે શું જોયું ?


સારણીના દરેક લંબઘન બનાવવામાં આપણે 36 ઘનનો ઉપયોગ કરેલ છે, તેથી પ્રત્યેક લંબઘનનું ઘનફળ પણ 36 ઘન એકમ થશે. આ ઉપરાંત દરેક લંબઘનનું ઘનફળ તેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના ગુણાકારને સમાન છે, તે આપણે અનુભવે જોયું. આથી, ઉપરના ઉદાહરણના આધારે આપણે કહી શકીએ કે, લંબઘનનું ઘનફળ = લંબાઈ × પહોળાઈ × ઊંચાઈ = $l \times b \times h$

આ ઉપરાંત આ આપણે લંબઘનનું ઘનફળ = લંબઘનના આધારનું ક્ષેત્રફળ × ઊંચાઈ પણ કહી શકીએ કારણ કે $l \times b$ = લંબઘનના આધારનું ક્ષેત્રફળ થાય છે.

## આટલું કરો



એક કાગળ લો અને તેનું ક્ષેત્રફળ માપો. આ માપનાં જ બીજાં કાગળ લઈને કાગળની થપ્પી લગાવી એક લંબઘન બનાવો (આકૃતિ 9.29 મુજબ). આ થપ્પીની ઊંચાઈ માપો. કાગળનું ક્ષેત્રફળ અને થપ્પીની ઊંચાઈના ગુણાકારનું મૂલ્ય મેળવી લંબઘનનું ઘનફળ જાણો.




આકૃતિ 9.29

આ પ્રવૃત્તિ પરથી આપણે એમ પણ કહી શકીએ કે ઘનનું ઘનફળ આ પ્રકારે પણ મેળવી શકાય. (જો કોઈ ઘન આકારનું શીર્ષ (TOP) અને આધાર (BASE) એકરૂપ હોય અને એકબીજાને સમાંતર હોય તો તેની ધાર/કિનારી (EDGE), આધાર(BASE)ને લંબ હશે.) જેનું ઘનફળ શોધવામાં આ રીતના ઉપયોગ કરી શકાતો હોય તેવી વસ્તુઓ બાબતે તમે વિચારી શકો છો ?



## પ્રયત્ન કરો

નીચેની આકૃતિ 9.30માં દર્શાવેલા લંબઘનનું ઘનફળ શોધો.

(i)




આકૃતિ 9.30

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 9.5.2 ઘન

ઘન (Cube) એ લંબઘનનો એક ખાસ પ્રકાર છે. જેમાં $l = b = h$ થતા હોય,
એટલે કે ઘનનું ઘનફળ $= l \times l \times l = l^3$



**પ્રયત્ન કરો**

નીચે આપેલા ઘનના ઘનફળ શોધો.

(a) 4 સેમી બાજુવાળો ઘન (b) 1.5 મીટર બાજુવાળો ઘન

**આટલું કરો**

સમાન આકારવાળા 64 ઘનનો ઉપયોગ કરીને જેટલા પ્રકારના લંબઘન બનાવી શકો તેટલા બનાવો અને આ પ્રત્યેક સ્વરૂપના લંબઘનનું પૃષ્ઠફળ શોધો. શું સમાન ઘનફળવાળી ઘન આકૃતિઓના પૃષ્ઠફળ પણ સમાન હોય છે ?

**વિચારો, ચર્ચા કરો અને લખો**




એક કંપની બિસ્કિટ વેચે છે. બિસ્કિટને પૅક કરવા માટે લંબઘન આકારના ડબ્બાનો ઉપયોગ કરવામાં આવે છે. ડબ્બો A $\rightarrow$ 3 સેમી $\times$ 8 સેમી $\times$ 20 સેમી અને ડબ્બો B $\rightarrow$ 4 સેમી $\times$ 12 સેમી $\times$ 10 સેમીનો છે. તો કંપનીને કયા માપના ડબ્બાનો ઉપયોગ કરવાથી આર્થિક લાભ થશે ? કેમ ? શું તમે આવા કોઈ બીજા આકારના ડબ્બાનો ઉપયોગ કરવાની સલાહ આપી શકો કે જેનું ઘનફળ તેના જેટલું જ હોય પરંતુ આર્થિક દૃષ્ટિએ વધુ લાભદાયક હોય.


### 9.5.3 નળાકાર

આપણે જાણીએ છીએ કે લંબઘનનું ઘનફળ તેના આકારના ક્ષેત્રફળ અને તેની ઊંચાઈના ગુણાકાર દ્વારા મેળવી શકાય છે. શું આ જ રીતે આપણે નળાકારનું ઘનફળ મેળવી શકીએ ?

$V = (l \times b) \times h$





લંબઘન




નળાકાર

લંબઘનની જેમ નળાકાર (Cylinder)માં પણ એક આધાર (Base) અને શીર્ષ (Top) હોય છે, જે એકબીજાને એકરૂપ અને સમાંતર હોય છે. લંબઘનની જેમ નળાકારની વક્રસપાટી તેના આધારને લંબ હોય છે.

$V = (\pi r^2)h$




આધારનું ક્ષેત્રફળ $= \pi r^2$

તેથી, લંબઘનનું ઘનફળ = આધારનું ક્ષેત્રફળ $\times$ ઊંચાઈ

$= (l \times b) \times h = lbh$

નળાકારનું ઘનફળ= આધારનું ક્ષેત્રફળ $\times$ ઊંચાઈ


$= \pi r^2 \times h = \pi r^2 h$

**પ્રયત્ન કરો**




નીચે આપેલા નળાકારના ઘનફળ મેળવો.

(i)




(ii)




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

9MF35E

## 9.6 ઘનફળ (કદ) અને ક્ષમતા (Volume and Capacity)

આ બે શબ્દોમાં વધારે તફાવત નથી.

(a) કોઈ વસ્તુ દ્વારા ઘેરાયેલી જગ્યાની માત્રાને ઘનફળ (કદ - Volume) કહે છે.

(b) કોઈ વાસણમાં ભરી શકાતી વસ્તુની માત્રાને તે વાસણની ક્ષમતા (Capacity) કહેવામાં આવે છે.

**નોંધ :** જો કોઈ પાણી ભરવાના ધાતુના વાસણમાં 100 સેમી$^3$ પાણી ભરી શકાય તો તે ધાતુના વાસણની ક્ષમતા 100 સેમી$^3$ છે.

ક્ષમતાને લિટરમાં પણ માપી શકાય છે. લિટર અને સેમી$^3$માં નીચે મુજબ સંબંધ છે :

1 મિલીલિટર = 1 સેમી$^3$, 1 લિટર = 1000 સેમી$^3$. આમ, 1 મીટર$^3$ = 1000000 સેમી$^3$ = 1000 લિટર

**ઉદાહરણ 8 :** જેનું ઘનફળ 275 સેમી$^3$ અને આધારનું ક્ષેત્રફળ 25 સેમી$^2$ હોય, એવા લંબઘનની ઊંચાઈ મેળવો.

**ઉકેલ :** લંબઘનનું ઘનફળ = આધારનું ક્ષેત્રફળ × ઊંચાઈ

તેથી લંબઘનની ઊંચાઈ $= \dfrac{\text{લંબઘનનું ઘનફળ}}{\text{આધારનું ક્ષેત્રફળ}}$

$= \dfrac{275}{25} = 11$ સેમી

આ રીતે લંબઘનની ઊંચાઈ 11 સેમી છે.

**ઉદાહરણ 9 :** એક લંબઘન આકારનું ગોદામ છે. તેનું માપ = 60 મી × 40 મી × 30 મી છે. આ ગોદામની અંદર 0.8 મી$^3$ ઘનફળ ધરાવતાં કેટલા ડબ્બા રાખી શકાય ?

**ઉકેલ :** એક ડબ્બાનું ઘનફળ = 0.8 મી$^3$

ગોદામનું ઘનફળ = 60 × 40 × 30 = 72000 મી$^3$


ગોદામની અંદર રાખી શકાય તેમ હોય તે ડબ્બાની સંખ્યા $= \dfrac{\text{ગોદામનું ઘનફળ}}{\text{એક ડબ્બાનું ઘનફળ}} = \dfrac{60 \times 40 \times 30}{0.8} = 90{,}000$

આ રીતે, ગોદામની અંદર 90,000 ડબ્બા રાખી શકાશે.

**ઉદાહરણ 10 :** 14 સેમી પહોળાઈ ધરાવતાં કાગળને તેની પહોળાઈની દિશામાં વાળીને 20 સેમી ત્રિજ્યાવાળો એક નળાકાર બનાવવામાં આવે છે, તો નળાકારનું ઘનફળ મેળવો (જુઓ આકૃતિ 9.31).

(અહીં $\pi$ ની કિંમત $\frac{22}{7}$ લેવી.)

**ઉકેલ :** કાગળને તેની પહોળાઈની દિશામાંથી ગોળ વાળીને નળાકાર બનાવવામાં આવેલ છે, તેથી કાગળની પહોળાઈ નળાકારની ઊંચાઈ થશે અને આ નળાકારની ત્રિજ્યા 20 સેમી છે.




**આકૃતિ 9.31**

નળાકારની ઊંચાઈ ($h$) = 14 સેમી

ત્રિજ્યા($r$) = 20 સેમી

નળાકારનું ઘનફળ = V = $\pi r^2 h$

$= \dfrac{22}{7} \times 20 \times 20 \times 14 = 17600$ સેમી$^3$

તેથી નળાકારનું ઘનફળ 17600 સેમી$^3$ થશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ઉદાહરણ 11 :** 11 સેમી × 4 સેમી માપ ધરાવતાં લંબચોરસ કાગળના ટુકડાને એકબીજા પર વધુ ન રહે તે રીતે વાળીને 4 સેમી ઊંચાઈનો એક નળાકાર બનાવવામાં આવે છે, તો આ નળાકારનું ઘનફળ શોધો.

**ઉકેલ :** અહીં કાગળની લંબાઈ નળાકારના આધારનો પરિઘ બની જાય છે અને કાગળની પહોળાઈ એ નળાકારની ઊંચાઈ બની જાય છે.

ધારો કે નળાકારની ત્રિજ્યા $= r$ અને ઊંચાઈ $= h$ છે.

નળાકારના આધારનો પરિઘ $= 2\pi r = 11$

$$2 \times \frac{22}{7} \times r = 11$$

તેથી, $r = \frac{7}{4}$ સેમી થશે.

નળાકારનું ઘનફળ $(v) = \pi r^2 h$

$$= \frac{22}{7} \times \frac{7}{4} \times \frac{7}{4} \times 4 = 38.5 \text{ સેમી}^3$$

તેથી નળાકારનું ઘનફળ 38.5 ઘન સેમી છે.

## સ્વાધ્યાય 9.3

**1.** તમને એક નળાકાર ટાંકી આપેલ છે. નીચે આપેલી કઈ પરિસ્થિતિમાં તમે તેનું પૃષ્ઠફળ મેળવશો અને કઈ પરિસ્થિતિમાં તેનું ઘનફળ મેળવશો ?


(a) નળાકાર ટાંકીમાં કેટલું પાણી રાખી શકાશે, તે નક્કી કરવા માટે.

(b) નળાકાર ટાંકીને પ્લાસ્ટર કરવા માટે જરૂરી સિમેન્ટની થેલીઓની સંખ્યા જાણવા.

(c) નળાકાર ટાંકીમાં ભરેલા પાણીથી પાણીની કેટલી નાની ટાંકીઓ ભરાશે તેની સંખ્યા જાણવા.



**2.** નળાકાર Aનો વ્યાસ 7 સેમી અને ઊંચાઈ 14 સેમી છે. નળાકાર Bનો વ્યાસ 14 સેમી અને ઊંચાઈ 7 સેમી છે. ગણતરી કર્યા વગર તમે કહી શકશો કે ઉપરના બે નળાકારમાંથી કોનું ઘનફળ વધારે હશે ? બંને નળાકારનું ઘનફળ મેળવી તમારા જવાબને ચકાસો. આ ઉપરાંત એ પણ ચકાસો કે વધુ ઘનફળ ધરાવતાં નળાકારનું પૃષ્ઠફળ પણ વધારે છે ?





**3.** એક લંબઘનના આધારનું ક્ષેત્રફળ 180 સેમી$^2$ છે અને તેનું ઘનફળ 900 સેમી$^3$ છે, તો તે લંબઘનની ઊંચાઈ શોધો.

**4.** એક લંબઘનનું માપ 60 સેમી × 54 સેમી × 30 સેમી છે. આ લંબઘનની અંદર 6 સેમી બાજુવાળા કેટલા નાના ઘન રાખી શકાશે ?

**5.** જેનું ઘનફળ 1.54 મી$^3$ અને તેના આધારનો વ્યાસ 140 સેમી હોય એવા નળાકારની ઊંચાઈ મેળવો.

**6.** એક દૂધનું ટેન્કર નળાકાર છે, જેની ત્રિજ્યા 1.5 મીટર અને લંબાઈ 7 મીટર છે. આ ટેન્કરમાં કેટલા લિટર દૂધ ભરી શકાશે ?




**7.** જો કોઈ ઘનની દરેક બાજુને બમણી કરી દેવામાં આવે તો

(i) તેના પૃષ્ઠફળમાં કેટલા ગણો વધારો થશે ?

(ii) તેના ઘનફળમાં કેટલા ગણો વધારો થશે ?


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**8.** એક કુંડની અંદર 60 લિટર પાણી પ્રતિ મિનિટના દરથી પડે છે. જો કુંડનું ઘનફળ 108 મી$^3$ હોય, તો આ કુંડને પાણીથી સંપૂર્ણ ભરાતા કેટલા કલાક લાગશે ?



## આપણે શું ચર્ચા કરી ?

**1.** એક **ઘનનું પૃષ્ઠફળ** તેના ફલકોના ક્ષેત્રફળના સરવાળા જેટલું હોય છે.




ઘન

**2.** લંબઘનનું પૃષ્ઠફળ = $2(lb + bh + hl)$

ઘનનું પૃષ્ઠફળ = $6l^2$

નળાકારનું પૃષ્ઠફળ = $2\pi r\ (r + h)$

**3.** કોઈ પણ ઘન વસ્તુ દ્વારા ઘેરાયેલી જગ્યાની માત્રાને તે ઘનાકારનું **ઘનફળ** કહેવામાં આવે છે.




લંબઘન

**4.** લંબઘનનું ઘનફળ = $l \times b \times h$

ઘનનું ઘનફળ = $l^3$

નળાકારનું ઘનફળ = $\pi r^2 h$



નળાકાર

**5.** (i) 1 સેમી$^3$ = 1 મિલીલિટર

(ii) 1 લિટર = 1000 સેમી$^3$

(iii) 1 મી$^3$ = 1000000 સેમી$^3$ = 1000 લિટર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in